**વડીલોને વંદન અભિનંદન**




અનીલકુમાર બાબુલાલ અગ્રવાલ (૧૯૪૪)ફોન: ૨૩૨૧૦૫૨૨



સોમાભાઈ દાનાભાઈ પરમાર (૧૯૩૬)ફોન: ૨૩૨૪૮૪૮૫



હરિલાલ છગનલાલ મિસ્ત્રી (૧૯૩૮): ૨૩૨૩૬૨૦૨



પુનમભાઈ હરીભાઈ પંચાલ (૧૯૩૮)ફોન: ૨૩૨૩૩૬૩૨

# ભારતના પૂર્વ વડાપ્રધાન આઈકે ગુજરાલનું નિધન

ગુડગાંવ, તા.૩૦

ભારતના પૂર્વ વડાપ્રધાન આઈકે ગુજરાલનું અવસાન થયું છે. ગુજરાલ છેલ્લા ઘણા સમયથી બિમાર હતા. તેમની સારવાર ગુડગાંવની મેડિસિટી મેન્ડાન્ટા હોસ્પિટલ ખાતે ચાલી રહી હતી. ૯૩ વર્ષના ગુજરાતને ફેફસામાં ઈન્ફેક્શન લાગ્યુ હતુ. ગત ૧૯મીથી ગુજરાલને ગુડગાંવની હોસ્પિટલમાં લંગ ઈન્ફેક્શનનાં કારણે દાખલ કરવામાં આવ્યાં છે. તેઓ વેન્ટિલેટર સપોર્ટ પર હતા. તેઓ લાઈફ સપોર્ટિંગ સિસ્ટમ પર હતા અને ગત મંગળવારે તેમની તબિયત



વધુ બગડી હતી. તેમની સારવાર કરી રહેલા ડોક્ટરોના જણાવ્યા મુજબ તેમને પેશાબને લગતી સમસ્યાઓ પણ સર્જાઈ હતી. ગુજરાત ભારતના ૧૨માં વડાપ્રધાન હતા. તેઓ એપ્રિલ ૧૯૯૭થી માર્ચ ૧૯૯૮ સુધી વડાપ્રધાન પદ પર રહ્યા હતા. તે અગાઉ ૧૯૯૬માં દેવગૌડા સરકાર અને ૧૯૮૯માં વીપીસિંહ સરકારમાં વિદેશ પ્રધાન હતા. તેમણે પાડોશી દેશો સાથે સંબંધો સુધારવા માટે ગુજરાલ સિધ્ધાંત આપ્યો હતો. રાજકારણમાં પ્રવેશનાર ગુજરાલ પ્રથમ આઈએફએસ ઓફિસર હતા.

## રાજયપાલશ્રીની શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતના રાજયપાલ ડો. શ્રીમતી કમલાજીએ ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી આઈ.કે. ગુજરાલના નિધન પર ઊંડા શોક અને દુ:ખની લાગણી વ્યકત કરી છે.

તેમના શોક સંદેશમાં રાજયપાલશ્રીએ જણાવ્યું છે કે સ્વર્ગસ્થ શ્રી ગુજરાલે વરિષ્ઠ રાજનીતિજ્ઞ અને અગ્રણી સમાજ સેવક તરીકે તથા કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોના મંત્રીપદે તેમજ અન્ય ઉચ્ચ પદો પર રહી પ્રશસ્ય સેવાઓ આપી હતી.

ઈશ્વર દિવંગતની આત્માને ચિર શાંતિ પ્રદાન કરે અને તેમના પરિવારજનોને આ અસહનીય દુ:ખ સહન કરવાની શકિત આપે તેવી રાજયપાલશ્રીએ પ્રાર્થના કરી છે.

## અમદાવાદ સહિત ગુજરાતમાં ઠંડી ઘટી : વલસાડ ૧૨.૧ ડિગ્રી

### રાજ્યમાં લઘુત્તમ તાપમાન અમદાવાદ ૧૪.૬, નલીયા ૧૨.૬, વડોદરા અને અમરેલી ૧૪.૫ ડિગ્રી સેલ્સિયસ

અમદાવાદ, તા. ૩૦

અમદાવાદ શહેર સહિત રાજ્યમાં ઠંડીના પ્રમાણમાં ઘટાડો નોંધાયો હતો. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી વલસાડમાં ૧૨.૧ ડીગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે અને અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે તથા લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. અમદાવાદમાં શહેરમાં આજે મહત્તમ તાપમાન ૨૯.૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૪.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગે ૭૪ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૩૨ ટકા નોંધાયું હતું. રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહ્યું છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડીને કારણે શહેરમાં બેવડી ઋતુને કારણે શરદી, તાવ અને ઉધરસના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાન વડોદરામાં ૧૪.૫, રાજકોટમાં ૧૬, સુરતમાં ૧૭.૪, ભુજમાં ૧૭, ભાવનગરમાં ૧૮.૫, નલીયામાં ૧૨.૬, ડીસામાં ૧૫.૯, અમરેલીમાં ૧૪.૫, ગાંધીનગરમાં ૧૬, મહુવામાં ૧૫.૭, દીવમાં ૧૬.૬, વલસાડમાં ૧૨.૧ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## ગુજરાલનું નિધન થતાં રાજ્યપાલની શ્રદ્ધાંજલી

ગુજરાતના રાજ્યપાલ ડો. શ્રીમતી કમલાજીએ ભૂતપૂર્વ વડાપ્રધાન આઈ. કે. ગુજરાલના નિધન પર ઊંડા શોક અને દુ:ખની લાગણી વ્યક્ત કરી છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાલના અવસાન અંગે ઊંડા આઘાતની લાગણી વ્યક્ત કરીને શ્રદ્ધાંજલિ પાઠવી છે. તેમના શોક સંદેશમાં રાજ્યપાલે જણાવ્યું છે કે સ્વર્ગસ્થ ગુજરાલે વરિષ્ઠ રાજનીતિજ્ઞ અને અગ્રણી સમાજ સેવક તરીકે તથા કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોના મંત્રીપદે તેમજ અન્ય ઉચ્ચ પદો પર રહી પ્રશસ્ય સેવાઓ આપી હતી. ઈશ્વર દિવંગતની આત્માને ચિર શાંતિ પ્રદાન કરી અને તેમના પરિવારજનોને આ સરાહનીય દુ:ખ સહન કરવાની શક્તિ આપે તેવી રાજ્યપાલે પ્રાર્થના કરી છે.

## સબસિડીવાળા સિલિન્ડરની સંખ્યા વધારવા વિચારણા

નવી દિલ્હી, તા.૩૦

રાંધણગેસના સબસિડાઈઝ્ડ સિલિન્ડરોની સંખ્યા જે હાલમાં છ છે તેમા વધારો કરવાનું કેન્દ્ર સરકાર વિચારી રહી છે અને આગામી થોડાક દિવસોમાં આ અંગે કોઈ નિર્ણય લેવામાં આવશે એવું પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલીએ આજે લોકસભામાં જણાવ્યું હતુ. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન તેમણે જણાવ્યું હતુ કે આ અંગે અમે વિચારણા કરી રહ્યા છીએ અને નિર્ણય લેવા માટે હજુ થોડા દિવસોની જરૂર પડશે. રાંધણગેસના સિલિન્ડરો પર સરકારે લગાવેલી મર્યાદા અંગે સરકાર પર વિપક્ષના સભ્યોએ આક્રમક વલણ અપનાવીને જણાવ્યું હતું કે સરકારના આ નિર્ણયથી મોંઘવારીથી ત્રસ્ત સામાન્ય પ્રજા વધારે મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. ત્યારે મોઈલીએ જણાવ્યું હતુ કે આ મુદ્દે અમે ગંભીર વિચારણા કરી રહ્યા છીએ. તેમણે જણાવ્યું કે આ મુદ્દે તેઓ વડાપ્રધાન અને નાણાં પ્રધાન સાથે ચર્ચા કરશે કે શું પગલા લઈ શકાય. તેમણે જણાવ્યું કે સરકારને ખબર છે કે મહિલાઓ કેવી તકલીફોનો સામનો કરી રહી છે અને સાંસદો તથા અન્ય નાગરિકો પાસેથી આ અંગે રજુઆતો મળી છે. વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે દેશમાં પ્રથમ વાર એવું બન્યુંછે કે સરકારે રાંધણગેસના સબસિડાઈઝ્ડ સિલિન્ડરો પર જોડાણદીઠ માત્ર છ સિલિન્ડરોની મર્યાદા લગાવી છે. જે પરિવારોને છ કરતા વધારે સિલિન્ડરોની જરૂર પડે છે તેમણે પ્રતિ સિલિન્ડર રૂપિયા ૯૦૦ ચુકવવા પડશે. આ ખૂબજ કમનસીબ નિર્ણય છે. અને શું સરકાર આ નિર્ણય પાછો લઈને લોકોને રાહત આપશે? મોઈલીએ તેના જવાબમાં કહ્યુ હતુ કે હાલમાં સરકાર દ્વારા ૧૬૪૦૦૦ કરોડની સબસિડી આપવામાં આવી રહી છે. અમારી પાસે વધારે એલપીજી ગેસ નથી. વિશ્વમાં વપરાતા કુલ એલપીજી ગેસમાંથી ૭૫ ટકા માત્ર ભારતમાં વપરાય છે. અન્ય દેશોમાં ગેસ અને વિજળી બંનેનો ઉપયોગ થાય છે.

## જિલ્લામાં સૌથી ધનવાન.....

● પાન-૮નું અનુસંધાન

ડી.ડી. પટેલ ટોયોટા કેમી (૨૨,૪૫,૦૦૦), મારુતિ વેગન આર (૩,૭૫,૦૦૦), હ્યુન્ડાઈ એસેન્ટ (૫,૧૨,૦૦૦),શેવરોલે ક્રુઝ (૧૫,૫૧,૦૦૦), ટોયોટા ઈનોવા (૧૨,૩૦,૦૦૦), ફોર્ડ ફિગો (૫,૭૦,૦૦૦) અને મારુતિ ૮૦૦ (૧,૮૮,૦૦૦) મળી ૬૬,૦૧,૦૦૦ ની કિંમતની ૭ કારના માલિક છે. ડી.ડી. ની સ્થાવર મિલકત રૂ. ૩૯,૯૫,૪૮,૦૦૦ અને તેમની પત્નીની સ્થાવર મિલકત ૨૨,૦૨,૦૦,૦૦૦ છે.તેમની બેન્કલોન ૧,૩૬,૫૬,૩૨૭ અને તેમની પત્નીની ૧,૩૨,૦૦,૦૦૦ દર્શાવાઈ છે. વ્યક્તિગત લોન ૬,૪૭,૦૦૦ જ્યારે રૂ. ૭૫,૦૦,૦૦૦ના સરકારી લેણાં મળી કુલ ૨,૧૮,૦૩,૩૨૭નું દેવું છે.

પીઢ કોંગ્રેસી હરિભાઈ ચૌધરીના પુત્ર અમિત ચૌધરીની કુલ મિલકત ૩,૮૨,૨૦,૪૧૭ છે, જેમાં તેમની પાસે રોકડા રૂપિયા બે લાખ અને તેમની પત્ની પાસે રોકડા ૧ લાખ રૂપિયા છે, અમિત ચૌધરીની જંગમ મિલકત ૭૬,૩૫,૪૧૭ જ્યારે તેમની પત્નીની ૭૧,૧૬,૫૩૪ દર્શાવાઈ છે. અને સ્થાવર મિલકત ૩,૦૫,૮૫,૦૦૦ છે.

## બુડ્રેટી ટ્રસ્ટે ૪ કૃતિઓને પુરસ્કાર માટે પસંદ કરી

ગાંધીનગર, તા. ૩૦

થિયેટર મીડિયા સેન્ટર (બુડ્રેટી ટ્રસ્ટ) ના ઉપક્રમે સાતમી નાટ્યલેખન યોજવાનો સારો પ્રતિસાદ મળ્યો અને ૨૭ કુલ મૌખિક કૃતિઓ મળી જે પૈકી ચાર કૃતિઓ પ્રાધ્યાપક જનક દવે અને નાટ્યલેખક નટવર પટેલની પસંદગી સમિતીએ પુરસ્કાર માટે પસંદ કરી.

(૧) 'અવતાર' - દ્વિઅંકી લે. રવિન્દ્ર પારેખ, સૂરત. (૨) 'નેવર પ્લાનિંગ ફોર ડાર્લિંગ'- ત્રિઅંકી લે. જય દિક્ષીત, સૂરત. (૩) યમની અકળામણ - એકાંકી લે. નિતીશકુમાર ઢાયોદરા, અમદાવાદ. (૪) ખમણ-કોરા-વઘારેલા - ટમટમ, એકાંકી, લે. યશવંત ઠાકર, વડોદરા.

બુડ્રેટી ટ્રસ્ટના ટ્રસ્ટી હરમુખભાઈ બારાડીએ જણાવ્યા અનુસાર લેખકો તરફથી વધુ સારી રચનાઓ અપેક્ષા હતી, ગઈ છઠ્ઠી યોજના પણ કોમેડી નાટ્ય લેખન માટે જ હતી. એમાં ત્રણ કૃતિકો ને પારિતોષિક આપવામાં આવ્યા હતા.

બુડ્રેટીની નવી નાટ્યલેખન યોજવા ટૂંક સમયમાં પ્રસિધ્ધ કરીશઉં એમ હસમુખ બારાડીએ ઉમેર્યું હતું.

## નારણપુરા ખાતેથી અમિત શાહે ઉમેદવારી પત્ર ભર્યું

અમદાવાદ, તા. ૩૦

ગુજરાત રાજ્યના પૂર્વ ગૃહપ્રધાન, સરખેજ વિધાનસભાના વર્તમાન ધારાસભ્ય અમિત શાહે ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂટણી માટે નારણપુરા વિધાનસભા બેઠક માટે આજે હજારો યુવાનો, વડીલો, કોર્પોરેટરોની શુભેચ્છા સાથે ઉમેદવારીપત્રક ભર્યું હતું. અમિત શાહે ઉમેદવારીપત્રક ભરતા પૂર્વ નારણપુરાના અંકુર રોડ ખાતે જનતા-જનાર્દનને સંબોધન કર્યું હતું. તેઓએ સંબોધનમાં ૧૭ ડિસેમ્બરના રોજ નારણપુરા સહિત સમગ્ર રાજ્યમાંથી ભ્રષ્ટાચારી કોંગ્રેસના સૂપડા સાફ કરવા જનતા જનાર્દનને આહવાન કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના કેન્દ્રના શાસનને પરિણામે મોંઘવારી અને ભ્રષ્ટાચારે ચરમસીમા વટાવી છે અને પ્રજાનું જીવન જીવવું મુશ્કેલ બનાવ્યું છે. તેઓએ જણાવ્યુંહતું કે ગુજરાતમાં કોંગ્રેસ ૨૦૦૭થી ૨૦૧૨માં જ્યારે જ્યારે ચૂંટણીઓ આવી ત્યારે હંમેશા હારતી આવી છે અને ૨૦૧૨માં ૨૦ડિસેમ્બરે તેનું પુનરાવર્તન થવાનું છે જે નિશ્ચિત બાબત થઈ ગઈ છે.

## ભાજપનો વિકૃત ચહેરો...

● પાના નં. ૪નું ચાલુ

આવીને તેને સમૃધ્ધ બનાવ્યું છે - સત્તા મેળવવાની ઘેલછામાં ગુજરાત પર કાદવ ઉછાળવો પડે તો ઉછાળો કે વ્યક્તિગત ચારિત્ર્ય હનન કરો પણ યેનકેન પ્રકારે સત્તા મેળવો આ મોદીના ભાજપનો મંત્ર છે.

ચૂંટણીની આદર્શ આચારસંહિતાની સૌ પ્રથમ જોગવાઈ છે કે, કોઈ પણ ધાર્મિક લાગણી ઉશ્કેરીને મત માંગવા જોઈએ નહીં. તેમ છતાં ભાજપના ઉમેદવાર માટે ધાર્મિક લાગણી ભડકાવીને સિધ્ધુ મત માંગી રહ્યાં છે. કેશુભાઈ ને મત એટલે ગૌમાંસ ખાવા બરાબર છે - આવું કહીને ધાર્મિક લાગણી ભડકાવવાનો જે પ્રયાસ કર્યો છે તેની નોંધ ચૂંટણીપંચે લેવી જોઈએ. તેનું વિડિયો ફૂટેજ જોઈને ધાર્મિક લાગણી ભડકાવીને મત માંગતા ભાજપના ઉમેદવાર સામે કાયદાકીય પગલાં લેવા જોઈએ. ભાજપે એક ખેડૂત, સરદાર પટેલના વંશજ એવા ગુજરાતીનું અપમાન કર્યું છે. પોતાની સાથે સંમત ના હોય એવા લોકોનું ચારિત્ર્ય હનન કરવું એ મોદીનો જૂનો સ્વભાવ છે.

ગત ચૂંટણીઓમાં 'મૌત કા સૌદાગર' શબ્દ સામે વાંધો ઉઠાવી આખા ગુજરાતમાં ચગાવનાર મોદીએ હવે આવા ઉચ્ચારણો તેમને કરાવ્યા તે બદલ તેમને અને સિધ્ધુ એ ગુજરાતની પ્રજાનું આવું ઘોર અપમાન કરવા બદલ ગુજરાતની માફી માંગવી જોઈએ.

## કંપની સમાચાર

### એચસીજી ભારતમાં એફએફએફ ટેકનોલોજી અપનાવનાર પ્રથમ હોસ્પિટલ

કેન્સરની સારવારમાં સ્પેશ્યાલીસ્ટ ગણાતી હેલ્થકેર ગ્લોબલ એન્ટરપ્રાઈઝીજ લિમિટેડ ભારતમાં સૌ પ્રથમ ફ્લેટનીટ ફ્રી ફિલ્ટર મોડ ટેકનોલોજીથી દર્દીની સારવાર કરનાર પ્રથમ કેન્સર કેર નેટવર્કનું સ્થાન પામી છે. આ પધ્ધતિથી ભારતમાં સૌ પ્રથમવાર એનચીજી કેન્સર સેન્ટર, અમદાવાદ ખાતે એક દર્દીના પ્રોસ્ટેટ કેન્સરનું નિદાન કરવામાં આવ્યું હતું.

એચસીજી કેન્સર સેન્ટર, અમદાવાદના ડૉ. વિવેક બંસલ જણાવે છે કે, એફએફએફ ટેકનોલોજી અપનાવવાથી કેન્સરના દર્દીઓને લાભ થશે. એફએફએફનો ડોઝ રેટ ૨૪૦૦ (ફિલ્ટર બીમમાં ૬૦૦ અથવા નીચો રાખવાની તુલનામાં) રાખીને સમયમાં એક તૃતિયાંશ થી એક ચતુર્થાંશ જેટલો ઘટાડો કરવાં આવ્યો છે. આનાથી દર્દીને આરામમાં વધારો કરીને સારવાર દરમિયાન અથવા તો શ્વાસોશ્વાસ દરમિયાન હલનચલનની અસર ઘડાટી શકાય છે. આ પધ્ધતિથી સારવારમાં ડોઝ આપવાનો સમય મિનિટોથી ઘટાડીને સેકંડોમાં કરી શકાય છે. આ ઊંચો ડોઝ ચોકસાઈ પૂર્વક આપીને સામાન્ય કોષોને અસલ થાય નહીં તે રીતે આપીને સેકન્ડરી કેન્સર્સ અને તબીબી આડ અસરોની તકો ઘટાડવામાં આવે છે.

એચસીજી સેન્ટર અમદાવાદના સીઈઓ ડૉ. ભરત ગઢવી જણાવે છે કે, એફએફએફ ફ્લેટનીંગ ફ્રી ફિલ્ટર મોડ ટેકનોલોજીનો ઉપયોગ કરવાની માન્યતા મેળવનાર અમે ભારતની પ્રથમ હોસ્પિટલ છીએ. આ એટલા માટે શક્ય બન્યું છે કે અમે કેન્સર સારવારમાં સેન્ટર ઓફ એક્સલેન્સ તરીકે કામ કરીએ છીએ. એફએફએફની રજૂઆતથી દર્દીઓને ચોકસાઈ અને જીવનની ગુણવત્તાનો લાભ મળશે.

### સંતાન પ્રાપ્તિની ફળદ્રૂપતા જાળવવાની જાગૃતિ વડે લોકો ભવિષ્ય માટે ફળદ્રૂપતા સુરક્ષિત કરી શકશે

ફર્ટિલિટીની અદ્યતન સારવાર ક્ષેત્રે પર્યાયરૂપ ગણાતા બાવીસી ફર્ટિલિટી ઈન્સ્ટિટયુટ (બીએફઆઈ)ના ઉપક્રમે ડાયમન્ડ ઈન્સ્ટિટયુટ ઓફ ઈનફર્ટિલિટી એન્ડ મોનોપોઝ, ન્યુજર્સીનાં ડિરેકટર ડૉ. માતન યેમીની સાથે ફર્ટિલિટીની જાળવણી અને આધુનિક વિશ્વમાં તેના વધતા મહત્વ વિષયે એક ચર્ચા બેઠકનું આયોજન કર્યુંહતું. ફર્ટિલિટી જાળવવાથી તમે જયારે બાળક માટે તૈયાર હોવ ત્યારે ગર્ભધારણ કરવાની તક રહે છે. આ ઉપરાંત ટયુમરના ઓપરેશન તેમજ કેમોથેરાપીની સેશન્સ અને અન્ય રોગોમાં વંધ્યત્વની દહેશત રહે છે. આ બેઠકમાં આવી પરિસ્થિતિનો સામનો કરવા ફર્ટિલિટીની જાળવણી માટેની આધુનિક પધ્ધતિઓ અને ઉપલબ્ધ તબીબી વિકલ્પો તથા તેની સાથે સંકળાયેલી સામાજીક માન્યતાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બાવીશી ફર્ટિલિટી ઈન્સ્ટીટયુટ શરુ કરાયું તે સમયથી ડૉ. યેમીની ઈન્સ્ટીટયુટ સાથે લાંબાગાળાનો નાતો ધરાવે છે. આ ઈન્સ્ટીટયુટ સાથે દીર્ઘ સહયોગ ધરાવતા ડૉ. યેમીનીએ જણાવ્યું કે 'ફર્ટીલિટીની જાળવણી માટેની ટેકનિક આધુનિક યુગલો માટે આશીર્વાદરૂપ છે. આપણાં સમાજમાં આ અભિગમ હજુ નવો છે. આમ છતાં તે દિવસે દિવસે વિસ્તૃત બનતો જાય છે. તબીબી વિશ્વ ફર્ટિલિટી જાળવવા ઈચ્છતા તમામ પુરુષો અને મહિલાઓને સહાયરૂપ થવા ઈચ્છતું હોય છે. જો તેઓ છૂટાછેડા લે અથવા અલગ થઈ જાય, કેન્સરની સારવાર કરાવવી પડે અથવા કોઈ રોગની સારવાર તથા સામાજીક આઘાત તેમની ફર્ટિલિટીને અસર કરી શકે છે. વંધ્યત્વ અંગે મહદ અંશે મહિલાઓને જવાબદાર ગણવામાં આવે છે, પણ આવું હંમેશાં બનતું નથી. પુરૂષો વધુ પ્રમાણમાં વંધ્યત્વ અને નીચા સ્પર્મ રેશિયોનો ભોગ બને છે, કારણ કે તેઓ જે બેઠાડુ જીવનશૈલી અપનાવે છે તેમાં ધૂમ્રપાન, મદ્યપાન અને મેદસ્વીતાનો ભોગ બનતા હોય છે, પણ મહિલાઓ માટે મોડા લગ્નથી નીચા એગ કાઉન્ટની શકયતા રહે છે અને આ પરિબળ વંધ્યત્વની સ્થિતિમાં પરિણમે છે.'

## શબ્દાવલી - ૪૯૧૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | |
| ■ | ■ | ૬ | | | ■ | | ■ |
| ૭ | ૮ | | | ■ | ૯ | | ૧૦ |
| ૧૧ | | ■ | ■ | ૧૨ | | | |
| | ■ | ૧૩ | ૧૪ | | ■ | ■ | |
| ૧૫ | ૧૬ | | | ■ | ૧૭ | | ■ |
| ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ |
| ■ | | ■ | ૨૨ | | ■ | ૨૩ | |

**આડી ચાવી**

૧. આડણી, પાટલી (૪)
૪. 'સોંપણી' શબ્દ આડોઅવળો (૩)
૬. વિજ, વિદ્યુત (૩)
૭. પખાળવું, ધોવું (૪)
૯. પોરો, જોમ, ઉત્સાહ (૩)
૧૧. મિત્ર, દોસ્ત (૨)
૧૨. અઢળક, અમાપ (૪)
૧૩. દવા, ઔષધિ (૩)
૧૫. રાજાઓનો દરબાર (૪)
૧૭. દુ:ખ, સોગ (૨)
૧૮. ઉધારનું વિરોધી (૨)
૧૯. નાશ પામે તેવું (૩)
૨૨. વાળો, વિદ્યુતનો વાયર (૨)
૨૩. અર્જૂનનું એક નામ (૨)

**ઊભી ચાવી**

૨. સાર્વજનિક હૉસ્પિટલ (૩)
૩. જોજન, લંબાઈનું માપ (૩)
૫. આરપાર (૪)
૭. ત્રિવેણી નદીનું સંગમ સ્થળ (૫)
૮. પાણીમાં.... થાય, જીવડા (૨)
૯. પાણીમાંથી... કાઢે તેવા (૨)
૧૦. સહેલું, સહજ (૩)
૧૨. ઉપકાર (૨)
૧૩. ઝાકળ (૨)
૧૪. જાગરૂકતા (૪)
૧૬. દીકરીનો પતિ (૩)
૧૭. રવ (૨)
૨૦. અવાજ (૨)
૨૧. સગાઈ સઘળી...કેરી (૨)

### શબ્દાવલી ૪૯૦૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) અઠવાડિયું (૪) ચુડો (૬) લાગ (૭) ફૉરમ (૮) વાઈન (૧૦) ડિનર (૧૩) આસન (૧૫) આદર (૧૭) આસમાન (૧૮) દર્શન (૧૯) પનારો (૨૦) મન (૨૧) બત્તી (૨૨) હળ

**ઊભી ચાવી :-** (૧) અલાયદું (૨) ઠગ (૩) ડિઝાઈન (૪) ચૂરમુ (૫) ડોમ (૮) વાડી (૯) નર (૧૧) કાનન (૧૨) પ્રદર્શન (૧૩) આસના (૧૪) સમારોહ (૧૫) આદમ (૧૬) રન (૧૭) આપત્તિ

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન